ગાંધીનગર સમાચાર


# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રણ વિસ્તારોમાં ચોખાનું વિતરણ



ગાંધીનગર, તા. ૩
શામળાજીના છેવાડાનું ગોઢ ગામમાં ૭૦ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા તથા પેરાની સ્ટ્રીપનું વિતરણ કરાયું હતું. હિમ્મતપુર, ત્રેપન છાપરા, કુલ્લા તથા દેવની મોરીથી લાભાર્થી યોગ્ય અંતર રાખી ભેગા થયા હતા. બપોરે રુદ્રેશ્વર મહાદેવ પાસે ૨૦ લાભાર્થી તથા ભેટાલી પાસે ૧૨ લાભાર્થીને વિતરણ કરાયું હતું. દાવલી ગામમાં તુરી સમાજના બહેનને રોકડ આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં મોન્ટુ સુથાર, યોગેશ તથા મિલિન્દભાઈએ સેવાઓ આપી હતી.

# એમ.એસ. યુનિવર્સિટી તથા ઝાયદ યુનિવર્સિટી દુબઈ દ્વારા ઈન્ટરનેશનલ વેબિનાર

## 'રોલ ઓફ લાઈબ્રેરીઝ ઈન એક્સલેરેટિંગ રીસર્ચ' વિષય પર યોજાયો




ગાંધીનગર,તા. ૩
ઈન્ટરનેશનલ વેબિનારના ડાયરેકટર તથા હંસા મહેતા લાઈબ્રેરી બરોડા યુનિવર્સિટીની ચીફ લાઈબ્રેરીયન તથા રીસર્ચ સુપરવાઈઝર પ્રો. મયંક ત્રિવેદી તથા રિસોર્સ પર્સન તરીકે ઝાયદ યુનિ. દુબઈના પ્રો. તથા આઈ.ટી. લાઈબ્રેરીયન નિકેશ નારાયણ દ્વારા જ્ઞાનયુક્ત પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ ઈન્ટરનેશનલ વેબિનારમાં વિશ્વના બધા દેશો તથા ભારતમાંથી કુલ ૨૮૭ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ વેબિનાર લાઈબ્રેરીપ્રોફશન માટે ખૂબ જ ઉપયોગી અને માહિતીસભર હતો. તેનો મુખ્ય હેતુ જ્ઞાનનો પ્રસાર-પ્રચાર થાય તે હતો. તેમાં લાઈબ્રેરી પ્રોપેશનના વ્યક્તિઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વેબિનારના અંતમાં ભાગ લેનાર તરફથી પ્રશ્નોત્તરી કરવામાં આવી તેનો સંતોષકારક જવાબ લાઈબ્રેરીયન નિકેશ નારાયણ દ્વારા આપવામાં આવ્યો હતો. ગૌરવની વાત એ છે કે પ્રો. મયંક ત્રિવેદીએ નિકેશ નારાયણના રિસર્ચ સુપરવાઈઝર છે.

# જન્મદિને વધામણી



**પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ**
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬



**ભરતકુમાર સોમાભાઈ પરમાર**
મો. ૯૭૧૪૯ ૫૮૩૫૯



**શનિકુમાર વાઘેલા**
રેડક્રોસ, ગાંધીનગર



**શનિકુમાર વાઘેલા**
રેડક્રોસ, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક


# ગાંધારી બની બૅસ્ટ મોનોલોગ આર્ટિસ્ટ ઓફ ગુજરાત

હા મિત્રો તો આવો જાણીએ કોણ છે આ ગાંધારી જે બેસ્ટ મોનોલોગ આર્ટિસ્ટ ઓફ ગુજરાત બની. તમે લોકો એ ઘણી મોનોલોગ કોમ્પિટિશન તો જોઈ હસે પણ એ બધી કોમ્પિટિશન કોઈ ઓડીટોરિયમ જેવી જગ્યા પર ભજવાઈ હશે, પણ "ધ અર્થિંગ ગ્રુપ" દ્વારા લોકડાઉન માં એક નવો પ્રયાસ જે હજુ સુધી થયો નથી એવી ઓલ ગુજરાત મોનોલોગ કોમ્પિટિશન યોજાઈ જે કોઈ ઓડિટોરિયમ માં નહીં પણ ઓનલાઈન આયોજિત કરવામાં આવી.

આ કોમ્પિટિશન ૨૪થી ૨૮ એપ્રિલ ના રોજ યોજાઈ જેમાં વિદ્યાર્થીઓ જોડાઈ તો ગયા હતા પણ સાથે એક વિચાર એવો હશે કે લોકડાઉન ની વચ્ચે આ કરીશું કેવી રીતે, જેથી ઘરમાં જ રહીને અલગ અલગ પ્રોપ્સ નો ઉપયોગ કરીને મોનોલોગ તૈયાર કરવામાં આવ્યો. જેમાં અમુક વિદ્યાર્થીઓ ને ઘરે મોનોલોગ પરફોર્મ કેવી રીતે કરવું અને બીજા અનેક પ્રશ્નો થતાં, "ધ અર્થિંગ ગ્રુપ" ના મેંટર્સ દ્વારા યોગ્ય માર્ગદર્શન ને દિશા સૂચવી ને તેમનો પોઝિટિવ રીતે જુસ્સો વધાર્યો અને મોનોલોગ તૈયાર કરવામાં આવ્યા.

જેમાં એક વિદ્યાર્થી નો ટોપિક હતો "ગર્ભ ની સંવેદના" .જેમાં માતા નો ગર્ભ બનાવા માટે ઘરમાથી જ બ્લેક બ્લેકડ્રોપ સાથે સફેદ કાપડ અને ગ્લ્વ્સ ને ઉપયોગ માં લઈને બહુ જ સરસ રીતે તૈયાર કર્યો. જે તમે "ધ અર્થિંગ ગ્રુપ" ની યૂટ્યૂબ ચેનલ પર જોઈ શકો છો. આવી રીતે જ આખા ગુજરાતમાંથી જોડાયેલા બધાં વિદ્યાર્થીઓ એ પોતાના મેન્ટર નું ગાઈડન્સ લઈને ખૂબ જ સરસ મોનોલોગ તૈયાર કર્યા. અને રસપ્રદ વાત એછે કે આ કોમ્પીટિશન માં ઘણા બધાં એવા વિદ્યાર્થીઓએ હતા જેને પોતાની જાતે સ્કીપ્ટ લખીને મોનોલોગ તૈયાર કર્યો. જાતે લખેલી સ્ક્રીપ્ટ થી વિદ્યાર્થીઓ ની કલ્પનાશક્તિ વિકસી સાથે પર્ફોમન્સ પણ અસરદાર બન્યા.

આ કોમ્પીટિશન માં સ્ટુડન્ટ એ અલગ અલગ ટોપીક પર વાત કરી જેમ કે કોરોના વાઈરસ, ગાંધારી, ગર્ભની સંવેદના , અર્જુનાનો પ્રતિશોધ, કળિયુગ વગેરે.




All Gujarat Monologue Artist | Best Popular Video | Best Creative Video

આ કોમ્પિટિશન માં વિદ્યર્થીઓ એ ૨૪કલાક માં પોતાનું પર્ફોમન્સ તૈયાર કરીને મોકલવાનું હતું અને ત્યારબાદ બે દિવસ માં વિદ્યાર્થીઓએ વિજેતા બનવા માટે પોતાનો વિડિયો વધુ ને વધુ લોકો સુધી પહોચડવાનો હતો . કોમ્પિટિશન ના નિર્ણાયક તરીકે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ના જાણીતા કોમેડી એક્ટર "હેમાંગ દવે" દ્વારા ૨૮ એપ્રિલ ના રોજ ઈન્સ્ટાગ્રામ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા. જેમાં ત્રણ કેટેગરી ના એવોર્ડ માં બેસ્ટ પોપ્યુલર વિડિયો – એલિશા શાહ , બેસ્ટ ક્રિએટિવ વિડિયો – પ્રિયાંશી શાહ અને બેસ્ટ મોનોલોગ આર્ટિસ્ટ ઓફ ગુજરાતનો એવાર્ડ પ્રિશા શાહને મળ્યો.

કોમ્પિટિશન ના અંતિમ દિવસે સ્ટુડન્ટ્સ ને ઓનલાઈન સર્ટિફિકેટ આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા અને ત્રણેય વિજેતા ઓને ધ અર્થિંગ ગ્રુપ દ્વારા લાઈવ ઓડિયન્સ સામે સ્ટેજ પર્ફોમન્સ કરવાની અમુલ્ય તક આપવામાં આવશે. આ વર્કશોપ ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ ના નિર્દેશન હેઠળ મેંટર્સ માં વત્સલ વ્યાસ, ચિરાગ દેશાણી, દીપ પંચાલ, અક્ષત દરજી , શિવમ જાની, મૈત્રી દવે અને નિતિન ધનકાની ના સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ થયો.

લોકડાઉન માં પણ ઘરે રહીને ત્રણેય નાની બાળકીઓએ સરસ મજાનાં પર્ફોમન્સ તૈયાર કરીને વિજેતા બનીને અન્ય લોકો માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આવી જ અવનવી કોમ્પિટિશન અને થિયેટર વર્કશોપ દ્વારા તમારી અંદર રહેલા કલાકાર ને જગાડવા "ધ અર્થિંગ ગ્રુપ" ઘણા વર્ષોથી કાર્યરત છે. જેની માહિતી "ધ અર્થિંગ ગ્રુપ" ના ફેસબુક અને ઈનસ્ટાગ્રામ પેજ પરથી મળશે. આ બધા મોનોલોગ્સ ધ અર્થિંગ ગ્રુપ નામની યુટ્યુબ ચેનલ પર તમે નિહાળી શકશો.

# બેંક ઓફ બરોડાએ વિશિષ્ટ 'મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ' હાથ ધર્યો

મુંબઈ, તા. ૩
અત્યારે કોવિડ-૧૯ રોગચાળા અને એના પગલે લોકડાઉન લાગુ હોવાથી એમએસએમઈ ક્ષેત્ર અતિ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આ સમયે સંપૂર્ણ દેશમાં એમએસએમઈ ઋણધારકો સાથે જોડાવા બેંક ઓફ બરોડાએ આજે 'મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ' નામની વિશિષ્ટ પહેલ હાથ ધરી હતી.

આ લાઈવ વેબિનારમાં બેંકના સંબંધિત સેન્ટ્રલ મેનેજરો, ઝોનલ મેનેજરો, રિજનલ મેનેજરો, બ્રાન્ચ મેનેજરો અને એસએમઈ લોન ફેક્ટરીઓના હેડની સાથે મોટી સંખ્યામાં એમએસએમઈ ઋણધારકો સહભાગી થયા હતા, જેનું સંચાલન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વિકમાદિત્ય સિંહ ખીંચીએ કર્યું હતું. આ એમએસએમઈની ચિંતાઓ દૂર કરવાની કવાયત હતી, જેમાં ભારત સરકાર, રિઝર્વ ઓફ ઈન્ડિયા અને ખાસ કરીને બેંક ઓફ બરોડાએ તેમને આ પડકારોને ઝીલવામાં મદદરૂપ



હાથ ધરેલા પ્રયાસો અને વિવિધ પગલાંઓની જાણકારી આપવામાં આવી હતી.

'મેગા એમએસએમઈ આઉટરિચ પ્રોગ્રામ' બેંક ઓફ બરોડાની વિશિષ્ઠ, અતિ-સક્રિય પહેલ છે અને ભારતમાં બેંકની બહોળી પહોંચને ધ્યાનમાં લેતા ઉદ્યોગમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે. વેબિનારનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ એમએસએમઈ ઋણધારકોને બેંક દ્વારા તેમના લાભ માટે ઉપલબ્ધ વિવિધ સુવિધાઓ/વિકલ્પો વિશે જાણકારી આપવાનો હતો. બેંકના એક્ઝિક્યુટિવ્સે ઋણધારકોને આ મુશ્કેલીઓ માટે આ સુવિધાઓનો કેવી રીતે ઉપયોગ થઈ શકશે એ વિશે ઉચિત સલાહ અને માર્ગદર્શન સાથે રોડ-મેપ પણ સૂચવ્યો હતો. ચેટ બોક્ષ સુવિધા દ્વારા સહભાગી ઋણધારકો તેમના પ્રશ્નો/શંકાઓ રજૂ કરી શક્યા હતા અને બેંકને ચેટ બોક્ષ દ્વારા અંદાજે ૨૨,૦૦૦ ક્વેરી મળી હતી. શંકાઓ/પ્રશ્નો પૂછ્યાં હતાં, જેના પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ઉપરાંત એમએસએમઈ ઋણધારકોને કોવિડ-૧૯ પછી ચોક્કસ સેગમેન્ટમાં ઊભી થનારી સંભવિત વ્યાવસાયિક તકો વિશે જાણકારી આપી હતી.



માણસા ખાતે માણસા તાલુકા ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી શાખા અને ઈન્ડીયન મેડિકલ એસોસીએશન માણસા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આઠ બોટલ બ્લડ ગોઝારીયાના યુવાન વિકાસભાઈ પટેલ (મારી ફરજ ફાઉન્ડેશન)ના સહયોગથી એકત્ર કરવામાં આવ્યું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના માનદ્ સચિવ શ્રી મોતીભાઈ પુરોહિતે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડી રકતદાતાઓને વંદન સહ અભિનંદન પાઠવ્યા હતા.

# કલાકારોએ 'ઇન્ડિયા વીલ શાઇન' સંદેશ આપતું ગીત રજુ કર્યુ




ગાંધીનગર, તા. ૩
કોરોના વાયરસના ફેલાવાને કારણે ઉભી થયેલી પરિસ્થીતીમાં દેશના નાગરિકો સલામત અને તંદુસ્સ્ત રહે તે આશયથી ગુજરાતના કલાકારોએ ખાસ પ્રેરણાદાયી વિડીયો સોંગ બનાવ્યુ છે. આ બે મીનીટના ગીતમાં હાલના કોવિડ- ૧૯ મહામારીના માહોલમા દેશના નાગરિકો હૈયામાં હામ ભરી રાખશે તો ફરી એ જ ઝગમગાટ સાથે આખોય દેશ કામે લાગશે તેવો સંદેશ આપવાનો પ્રયાસ કરાયો છે. પ્રિયંકા બાસુ સહિત ૪૦ જેટલા ગાયક કલાકારોએ તેમાં પરફોરમન્સ આપી "ઈન્ડિયા વીલ શાઈન" નો ખાસ સંદેશ આપ્યો છે.

ગુજરાતના કલાકારોએ હાલની સ્થિતીમાં દેશવાસીઓમાં સતત હકારાત્મક પ્રેરણાનુ ઝરણુ વહે તે માટેનો આ ગીતસભર પ્રયાસ છે.તેમાં જાણિતા કલાકારો બંકિમ પાઠક, અરવિંદ વેગડા, પ્રિયંકા બાસુ, મ્યુઝિક એરેન્જર સમીર રાવલ, સહિત અન્ય કલાકારો એક ખાસ સંદેશ આપે છે. જેના થકી આખુય ભારત હાલની પરિસ્થિતીને હરાવીને ફરીથી બેઠુ થશે તેમ "ઈન્ડિયા વીલ શાઈન" ગીત કેમ્પેઈનમાં જણાવવા પ્રયાસ કર્યો છે. આ પ્રેરણાદાયી ગીતના નિર્માણમાં કોનસેપ્ટ પ્રિયંકા બાસુ , મ્યુઝિક એરેન્જર અને રેકોડીંગ સમીર રાવલ અને જીમી ત્રાજકર સાથે રિધમ કોમ્યુનિકેશન- ભાવિક શાહ અને અલ્પના મજમુદારએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા કોવિડ-૧૯ સંદર્ભે સંવાદ યોજાયો




ગાંધીનગર, તા. ૩
અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બાયો રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, અડાલજ ગાંધીનગર દ્વારા તા. ૨૮/૪/૨૦૨૦ અને ૩૦/૪/૨૦૨૦ ના રોજ E-Arihant PITCH (Pharmaceutical Innovation and Technology Competition fro Health) નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વેપાર વિભાગ દ્વારા સ્ટાર્ટ અપ ઈન્ડિયાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો તેના થી પ્રેરણા લઈને આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. COVID-19 વૈશ્વિક રોગચાળા પ્રશ્નને ધ્યાન માં લેતા સ્ટાર્ટ અપ ઈન્ડિયા ના બિઝનેસ ઈમ્યૂનિટી પ્લેટફોર્મ નો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓની શોધને કેવી રીતે જન ઉપયોગી થઈ શકે એનું ઉત્તમ ઉદાહરણ આ સ્પર્ધામાં જોવા મળ્યું હતું.

આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની આજુબાજુ લોકડાઉન અને COVID-19 ના લીધે ઊભી થયેલી મુશ્કેલીઓ ઓળખી અને તેનું નિરાકરણ લાવવા માટે વિવિધ વિષય ઉપર સ્ટાર્ટઅપ રજૂ કર્યા હતા જેમ કે દૂધ, શાકભાજી અને ઘરવખરી ખરીદવા માટેની મોબાઈલ એપ્લિકેશન, નેસલ સ્પ્રે, એન્ટી વાયરલ નેબ્યુલાઈઝર, હીટેડ ગ્લોવઝ, ઈન બિલ્ટ સેનિટાઈઝર ગ્લોવઝ, ઘરગથ્થુ વસ્તુઓનો ઉપયોગ કરીને વિવિધ આયુર્વેદિક ફોર્મ્યુલેશન વિગેરે બનાવી પોતાના વિચારો રજુ કર્યા હતા. આ સ્પર્ધા માં બી.ફાર્મ અને એમ.ફાર્મ ના થઈ ને ૨૧૦ જેટલાં વિદ્યાર્થીઓ એ ૭૨ જેટલી ટીમ બનાવી ને ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૮-૪-૨૦૨૦ મંગળવાર ના રોજ વેબએક્સ નામ ના એપ ઉપર યોજાયો હતો. જેમાં આ ૭૨ ટીમને ૪ ગ્રુપ માં વિભાજીત કરી હતી.

ડો. દિવ્યકાન્ત પટેલ(વાઈસ પ્રિન્સિપાલ એન્ડ એચ.ઓ.ડી ફાર્માકોગ્નોસિ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ ), ઘનશ્યામ પટેલ(આસિસ્ટન્ટ પ્રોફેસર, ફાર્મસીયુટિક્સ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ), હિરેન કડીકર(એકેડેમિક ડાયરેક્ટર,સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી) ડૉ. સુનિતા ચૌધરી(એસોસિયેટ પ્રોફેસર, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) ડો. રાગીન શાહ(પ્રિન્સિપાલ, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ), ડો. ઉપેન્દ્ર પટેલ(રજિસ્ટાર, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી), મોના કૌશલ(આસિસ્ટન્ટ પ્રોફેસર,એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) અને ભાવિન ભીમાણી(આસિસ્ટન્ટ પ્રોફેસર,એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ૭૨ ટીમ માંથી ૧૬ ટીમ નું ચયન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ નું પ્રોટોટાઈપ તૈયાર કરી વિગતમાં સમજાવવાનું હતું. જેનો અંતિમ રાઉન્ડ તારીખ ૩૦-૦૪-૨૦૨૦, ગુરૂવાર ના રોજ યોજાયો હતો, જેનું નિરીક્ષણ ડો. ડી.એમ.પટેલ(એસોસિયેટ પ્રોફેસર, જી.ટી.યુ, ગ્રેજ્યુટ સ્કૂલ ઑફ ફાર્મસી), ડો. દિવ્યકાન્ત પટેલ(વાઈસ પ્રિન્સિપાલ એન્ડ એચ.ઓ.ડી ફાર્માકોગ્નોસિ,એ.એસ.પી એન્ડ બી.આર.આઈ ), ડો. અદિતિ બારીયા(એચ.ઓ.ડી એન્ડ એસોસિયેટ પ્રોફેસર, ફાર્માકોલોજી,એ.એસ.પી એન્ડ બી.આર.આઈ), રાજલક્ષ્મી ચૌધરી( ઈંકિયૂબેશન મેનેજર, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી) દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂર્ણાહૂતિ કાર્યક્રમ ઝૂમ કલાઉડ એપ દ્વારા કરવામાં આવ્યો હતું, જેમાં તમામ વિદ્યાર્થી તેમજ ફેકલ્ટીએ ભાગ લીધો હતો, આ પૂર્ણાહૂતિ કાર્યક્રમ માં સૌપ્રથમ ડો. રાગીન શાહે પ્રાસંગિક વ્યક્તવ્ય આપ્યું હતો. તેમણે COVID-19 અને સ્પર્ધા વિશે સારાંશ આપતા તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું અને તેમની ભાગીદારી ને પ્રોત્સાહિત કરી હતી. ત્યાર બાદ નિરીક્ષક ડો. ડી.એમ.પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આવકારી તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને તેમના પ્રોજેક્ટને સફળ બનાવવા માટે મદદ કરવા ઈચ્છા દાખવી હતી. ડો. દિવ્યકાંત પટેલ દ્વારા પણ વિદ્યાર્થીઓના આભાર માની તેઓનો ઉત્સાહ વધાર્યો હતો. રાજલક્ષ્મી ચૌધરી દ્વારા પણ વિદ્યાર્થીઓના પ્રયત્નોને બિરદાવ્યા હતા અને તેમની મહેનતને વખાણી હતી.

તદુપરાંત અતિથિવિશેષ તરીકે કાર્તિક જૈને (પ્રોવસ્ટ ઑફ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી) પ્રેરણાદાયક ભાષણ આપી વિદ્યાર્થીઓને સ્ટાર્ટ અપનું મહત્વ સમજાવતાં ઝોમાટો, ઓલા વગેરે સ્ટાર્ટ અપ જેવા ઉત્તમ ઉદાહરણ આપ્યા હતા. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના યુવાન કાર્યશીલ, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન દ્વારા વિદ્યાર્થીઓને ખુબ સરસ રીતે સ્ટાર્ટ વિશે પ્રેરણા આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તદુપરાંત વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ ઋષભ જૈને પોતાના આર્શીવાદ આપતા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને જ્યારે જરૂર પડે ત્યારે તમામ પ્રકારની મદદ આપવાની તૈયારી બતાવી હતી. એના પછી ઈનામ વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ ક્રમે હીટ ગ્લોવ્સ બનાવવાનો વિચાર કરનાર બી.ફાર્મ ના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરનાર ઊર્મિ પુરાસાની, તિથિ દવે અને દિવ્યા તિવારી ની ટીમે ૧૨૦૦૦૦ રૂપિયા તરીકે ઈનામ પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ દ્વિતીય ક્રમે ઈનબિલ્ટ સેનિટાઈઝર ગ્લોવ્સ બનાવવાનો વિચાર કરનાર બી.ફાર્મ ના છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરનાર વિવેક પાનખાનિયા, હર્ષ કાનાણી, પ્રાપ્તિ વ્યાસ ની ટીમે ૧,૦૦,૦૦૦ રૂપિયા નું ઈનામ પ્રાપ્ત કરિયું હતું. તૃતીય ક્રમ એન્ટી વાયરલ ડ્રગ લોપીનાવીર નો ઉપયોગ કરી નેબીયુલાઈઝર બનવાનો વિચાર કરનાર બી.ફાર્મ ના છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થી માનસી હિંગોલ, રિયા પતવા અને દવે દ્રષ્ટિની ટીમે ૭૫૦૦૦નું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ઋષભ જૈન અને આદિ જૈને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓને આગળ આવી જ રીતે મહેનત કરી નવા સ્ટાર્ટ અપનું નિર્માણ કરવા આહવાન કર્યું હતું. અંતમાં ડો. નિશા પરીખે(એસોસિયેટ પ્રોફેસર,એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) તમામ વિદ્યાર્થી, ફેકલ્ટી અને મેનેજમેન્ટ નો આભાર માન્યો હતો.